વાંચવા લાયક અને સમજવા લાયક

એક રસીલી વાર્તા.

ફેશનની ફીશીયારી.

યાને

ચાલુ જમાનાનો ચીતાર.

ભાગ ૧ લો.

રચી પ્રસિદ્ધ કર્તા.

એમ. જી. માસ્તર.

શ્રી જૈન પ્રીન્ટીંગ વર્કસ લીમીટેડમાં મનુભાઈ

ભાઇદાસે છાપ્યું. સુરત.

કિંમત ૦-૧-૦

જથાબંધ લેનારે જાતે મળવું

વાંચો ! અને ખરીદો !

ઉપદેશ વિલાસ

યાને

હાસ્ય વિનોદ.

નામનું પેટ પકડાવીને ખડખડ હસાવે એવા હાસ્ય યુક્ત આનંદ સહ જ્ઞાન બોધનો ઉપદેશ આપે એવા ઉત્તમ દૃષ્ટાંતોના સંગ્રહનું પુસ્તક કિં. માત્ર ૦–૨–૦

શ્રી " **વિજય** " કાર્યાલય દેસાઇપોળ સુરત.

" ભજનામૃત તરંગિણી "

આ પુસ્તકમાં ભજનાનંદી ભાવિક ભકતોને અત્યંત ઉપયોગી, ભક્તિ, જ્ઞાન, અને વૈરાગ્ય સંબંધી અનેક રાગ રાગણીમાં તેમજ નાટકના લોકપ્રિય ગાયનોના રાગમાં બનાવેલા, શ્રવણ, મનન અને કીર્તન કરવા યોગ્ય મનોરંજક ભજનો અને કીર્તનો, પદો તથા થાળ આરતી વિગેરેનો સંગ્રહ છે. એ પુસ્તક થોડા વખતમાં છપાઇને બહાર પડશે. અગાઉથી ગ્રાહક થનાર પાસે કિં. ૦–૪–૦ અને પાછળથી ૦–૬–૦

ત્રિ. દિનમણિશંકર વેણીશંકર હરિકીર્તનકાર.
દેસાઇપોળ સુરત.

શા. નાગરદાસ ભગવાનદાસ બુકસેલર
લીમડાચોક–સુરત.

ફેશનની ફીશીયારી
યાને
ચાલુ જમાનાનો ચીતાર.

મુંબઇ શાહેરની અંદર એક જણ રસ્તે ચાલ્યો જતો હતો, તેણે સાધારણ કપડાં પહેરેલાં હતાં, તેનું નામ લોભીચંદ હતું. તે જાણે કાંઇ વીચાર કરતો હોય તેમ તેની મુખમુદ્રા દરસાવતી હતી. તે એ વીચાર કરતો હતો કે અહાહા ! આજ કાલ દુનીઆની અંદર ફેશનનું કામ કેટલું બધું વધી ગયું છે ? હાલ મારા ઘરની અંદર નવી શેઠાણી આવ્યા પછી ઘરની પાયમાલી થવા માંડી છે. જ્યારે હું એકલો હતો ત્યારે હાથે રાંધીને જમતો, વાસણ પણ હાથે માજી લેતો, કપડાં પણ જેવાં તેવાં પહેરતો, વીગેરે દરેક જાતનો ટુંક ખરચ રાખતો હતો. અને દમડી દમડી કરીને પાંચ લાખ રૂપીઆ ભેળા કર્યા હતા. તેને બદલે હાલ ઘરની અંદર રાંધવાને ભટજી, વાસણ માંજવાને રામો, અને કામ કાજ કરવા માટે ભૈયો. પોણોસો રૂપીઆ ભાડાનું તો દીવાનખાનું. વળી

તેની અંદર કબાટ, ખુરશી, ટેબલ, કાચનાં વાસણો કે જેની પાછી કીંમત ઉપજે નહિ તેવાં. અને કપડાંના ખરચનો તો પારજ નહિ. વળી આજે પણ ખરીદ કરવાને ગએલ છે તે કોણ જાણે કેટલી ખરીદી કરી આવશે ? જ્યાં આવી રીતે વીચાર કરે છે ત્યાં ઘર આવી પહોંચ્યું. ઘરની બહાર રામો ઉભેલો હતો તેને લોભીચંદે પુછયું. કેમ રામા હજુ તારી શેઠાણી ખરીદ કરીને આવ્યાં કે ત્યાંજ રહેશે. ?

ના શેઠ હજુ તો નથી આવ્યા. હવે થોડા વખતમાં આવવાં જોઇએ. રામાએ સાધારણ રીતે કહ્યું.

આ સાંજ તો પડી ગઇ ત્યારે હવે કયારે આવશે ? લોભીચંદે જરા ચીડાઇને કહ્યું.

આટલું કહી પોતે દીવાનખાનામાં એક ખુરશી પર બેઠો. એટલે રામાએ કાંઇ જવાબ આપ્યો નહિ અરધો કલાક સુધી લોભીચંદ શેઠ મૌન્ય ધારણ કરી બેસી રહ્યા. તેટલામાં તો બહારથી બુટનો અવાજ સંભળાણો. આ અવાજ સાંભળતાં લોભીચંદ શેઠ જરા ચમકયા. અને બાર સામું જુએ છે તો એક પારસણ સ્ત્રીએ દીવાનખાનામાં પ્રવેશ કર્યો. આ જોતાંજ લોભીચંદ શેઠ એકદમ ગુસ્સાથી બોલી ઉઠયા. અરે આ પારસણ મારા

ઘરની અંદર કોણ આવી ! આટલું કહી ખુરશી ઉપરથી ઉઠી તે સ્ત્રીને ધક્કો દઇ બહાર કાઢી કહેવા લાગ્યા કે, તું આ કોના ઘરની અંદર આવે છે ? જા નીકળ અહીંથી; શું આ તારા બાપનું ઘર છે ? કુંજુ તે સ્ત્રી જવાબ દેવા જાય છે ત્યાં રામો નીચે થી એકદમ ઉપર આવ્યો. અને લોભીચંદ શેઠને કહેવા લાગ્યો કે; અરે ! શેઠ ! શેઠ ! આ તમે શું કરો છો ? કોને ધકો મારો છો ? તમે આને ઓળખો છો કે નહિ !

કોણ છે આ ! લોભીચંદ શેઠે ગુસ્સાથી પુછયું.

તમે ભુલી કેમ જાઓ છો ? આ તો મારી શેઠાણી છે. રામાએ હસતાં કહ્યું.

કોણ આ તારી શેઠાણી ? લોભીચંદે આશ્ચર્ય પામતાં પુછયું [શેઠાણી કાન્તા પ્રત્યે) શું તેં આવાં કપડાં ખરીદયાં ?

હા; કાન્તાએ ધીમેથી કહ્યું.

જોઇએ આંકડો. કેટલા રૂપીઆની ખરીદી કરી ? લોભીચંદે કોચવાતા પુછયું.

લ્યો આ આંકડો. કાન્તાએ ખીસામાંથી આંકડો કાઢી તેના હાથમાં આપતાં કહ્યું.

વાહ ? આંકડામાં તો બહુજ કીંમતી જણસો લખેલી છે ? લોભીચંદ આશ્ચર્ય પામતાં બોલ્યો ઓ

મારા બાપરે ? સાતસો રૂપીઆની સાડી એક. આવી કીમતી સાડીને શું આગ લગાડવી હતી ? વીશ રૂપીઆની સાડીતો જોઇએ તેવી મળે છે. ત્યારે આટલી કીંમતી સાડી શા વાસ્તે લીધી.

મારે જોઇતી હતી ને લીધી તેમાં તમારે શી પંચાત! કાન્તાએ ચીડાઇને કહ્યું.

પંચાત કેમ નહિ. મારે રૂપીઆ આપવા પડે છે કે નહિ, લોભીચંદે તેનું મોઢું તોડી લેતાં કહ્યું.

ત્યારે પરણ્યા શા માટે આટલો ખરચ કરવો કડણુ પડે છે. તો પહેલાંથીજ વીચારવું હતું ને, કાન્તાએ પોતાના હાથવતી તાળી પાડતાં કહ્યું,

બહું સારૂ ભુલ કરી. લોભીચંદે ગમ ખાઇ જતાં કહ્યું (મન સાથે) હાલના વખતમાં સ્ત્રી સામો દમ મારે તે પણ ચાલુ જમાનાનો ધારો છે. (આંકડો વાંચતાં)હં, પછી, પોણુસો રૂપીયાનું પોલકું એક. વાહ વાહ ! આટલાં કીમતી પોલકાંને શું કરવું હતું પાંચ રૂપીઆનું નથી મળતું, કાન્તાએ કાંઇ જવાબ આપ્યો નહિ એટલે આગળ વાંચવું શરૂ કર્યું, વીશ રૂપીઆની ફેન્સી લેડી ફેસનની છત્રી એક, આવી છત્રીને શું કરવી હતી, આતો જાણે કાગળની *ટોપી. એક નાનુ છ વરસનું છોકરૂં ઓઢે તેવડી છે. બત્રીસ

રૂપીઆના બૂટ. હાય હાય આ શું હિંદુ ધર્મ ગયો ! બુટને શું કરવાં હતાં બૂટ પહેરીને ઘરની અંદર ચલાતું હશે, તેમ કોઈ સ્ત્રીઓ બુટ પહેરતી હશે !

હા. ચોપાટી પર દરેક પારસી અને આપણી હિંદુ જ્ઞાતિની સુધરેલી ફેસનની સ્ત્રીઓ દરેક પહેરીને નીકળે છે. તેથી મારે ન જોઇએ, કાન્તાએ કહ્યું.

તારે ક્યાં ચોપાટી ઉપર ફરવા જવું છે. ? લોભીચંદે કહ્યું.

કેમ નહિ, ચોપાટી ઉપર ફરવાથી તો શરીર આરોગ્ય રહે છે. કાન્તાએ જણાવ્યું.

ચોપાટી ઉપર બુટ, છત્રી, અને આવાંજ કપડાં પહેરીને જવાતું હશે કેમ ? લોભીચંદે ચીડાઇને કહ્યું.

હા. આવાંજ કપડાં પહેરીને જવું જોઇએ. કાન્તાએ જવાબ આપ્યો. ત્યાં સઘળી સ્ત્રીઓ ફેશનદાર કપડાં પહેરીને નીકળે છે. અને હું ભીખારણની પેઠે જાઉં તો શરમાઉં નહિ?

બહુ સારૂ પંચાત મેલો તમને તો પહોંચાશેજ નહિ. લોભીચંદે થંડા પડતા કહ્યું. (આંકડો જોઇને)

આ વળી શું આ ? ચશ્માના રૂપીઆ પાંચ. શું આંખે દેખાતું નથી ? જે આંખે ન દેખી શકતું હોય તે ચશ્મા તો પહેરે?

ચશ્મા પણ ચોપટી ઉપર ઘણીએક સ્ત્રીઓ પહેરીને નીકળે છે. કાન્તાએ કહ્યું.

ચાલો હવે થયું. રૂપીઆ આઠસો બત્રીસનું તો પાણી ફેરવ્યું. લોભીચંદે કોચવાઇને કહ્યું હવે કાંઈ લેવું છે ?

હા. પંદર હજારની એક મોટર. અને બે લાખ રૂપીઆનો સાચા મોતીનો હાર. કાન્તાએ કહ્યું.

હવે વળી મોટોરને શું કરવી છે ? ના ભાઈ એ આપણા ઘરે આગળ ભોં ? ભોં ? થાય તે કામનું નહિ. એ તો જાણે ગધેડા ભુંકવા માંડયો. અને મોતીનો હાર લેવો હોય, તો ખોટા મોતીનો હાર જુજ કીંમતમાં મળે છે તે લેજે ખોટાં મોતી પણ સાચાં મોતી જેવાંજ લાગશે.

નહી મારે તો જોશે ને જોશેજ. કાન્તાએ હઠ પકડી.

જ્યાં આવી રીતે વાતચીત થાય છે ત્યાં રસોડામાંથી ભટજીએ જમવાને વાસ્તે બુમ મારી. એટલે બન્ને જણ ત્યાંથી રસોડામાં ગયાં ત્યાં પણ કાન્તાએ

જમવાનું આવું થયું, આ સારૂં નથી, આ ખરાબ છે, આને શું કરે, આવી રીતે જેમ તેમ કરીને બન્ને જણ જમીને પરવાર્યા, એટલે કાન્તા એક આરામ ખુરશી પર પડી. અને લોભીચંદ શેઠ પાએક કલાક થઇ એટલે બહાર ચાલ્યા. તે રાત્રે અગીઆરેક વાગાને સુમારે પાછા ઘર આગળ આવ્યા, તો બાર આગળ કોઇ માલુમ પડયું નહિ. અને બાર અંદરથી બંધ કરેલાં હોય તેવું જણાયું. તેથી બારને ધકો દઇ ખખડાવવા માંડયાં. ત્યારે થોડીએક વાર પછી ભૈયાએ આવીને બાર ઉઘાર્યાં. અને લોભીચંદને કહ્યું કે, શેઠાણી કહે છે કે હાલ મારા મીત્ર મળવાને આવેલ છે માટે જરા બહાર ઉભા રહો. અને જ્યારે તે અહીંથી જાય ત્યારે અંદર આવજો. આટલું કહી ભૈયો બાર પાછા બંધ કરી અંદર ચાલ્યો ગયો.

આ સાંભળી લોભીચંદ શેઠ તો ત્યાંના ત્યાંજ સ્તબ્ધ થઇ ગયા. અને કહેવા લાગ્યા કે, વાહ વાહ ! "ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને પાડોશીને આટો આપે." તેમજ હું પણ જે ઘરનો ધણી તે હિસાબમાંયે નહિ. અને બીજાઓ આવીને એશ આરામ કરે. આ પણ ચાલુ જમાનાનો ધારો છે.

પ્રીય વાંચક ! હવે આપણે લોભીચંદ શેઠને અહીંજ ઉભા રહેવા દઈ અંદર જઈએ. અને ત્યાં શું વાત ચીત થાય છે તે સાંભળીએ.

વહાલા. તમારા ઉપર મને જેટલો પ્રેમ છે તેટલો પ્રેમ હું મારા પતી ઉપર પણ રાખતી નથી. કાન્તાએ લાડથી કહ્યું.

પ્રીયા હું પણ તને મારા મનથી અત્યંત ચાહુછું. કીશોરીલાલે તેનો કોમળ હસ્ત પોતાના હાથમાં લેતાં કહ્યું

પ્રીય વાંચક ! તું આ કીશોરીલાલને ઓળખીતો ગયો હોઈશ કે તે કાન્તાનો મીત્ર નહિ પણ યાર છે.

વહાલા હવે મને અહીં રહેવું પણ ગમતું નથી માટે આપણે બન્ને અહીંથી ચાલ્યાં જઈએ તો કેમ, કાન્તાએ અત્યંત પ્રેમ બતાવતાં પુછ્યું.

પ્રીયા આપણે અહીંથી જઇએ તે તો ઠીક. પણ શી રીતે જવું, કીશોરીલાલે વીચારમાં પડતાં કહ્યું.

વહાલા તેમાં શૂં મોટી વાત છે, તેની નજરો નજર આપણે જઈ શકીએ. અને કદાપી કોર્ટની અંદર ફરિયાદ કરશે તો હું જવાબ દેવાને સમર્થ છું કાન્તાએ છાતી ઠોકતાં કહ્યું. અને વળી એક બહાનું કાઢી શકાય તેમ છે.

અને તે શું કીશોરીલાલ વચમાં બોલી ઉઠયો.

તે એ કે મેં મારા પતીને આજેજ કહ્યું છે કે, મારે પંદર હજારની એક મોટર, અને બે લાખ રૂપીઆનો સાચા મોતીનો હાર. જો તે ના પાડશે તો તે હું બહાનું કાઢીશ. કાન્તાએ મ્હોં મલકાવતાં કહ્યું.

પણ રખેને લઇ આપશે તો, કીશોરીલાલે અધીરાઇથી પુછ્યું.

કયાંથી લઇ આપશે, રૂપીઆ હશે તો લઇ આપશે નાં, હવે રૂપીઆ મુદલ એક લાખની અંદર છે. કાન્તાએ ખુશી થતાં કહ્યું.

ત્યારે તો ઠીક. કીશોરીલાલે ધીરજ ધરતાં કહ્યું પણ પ્રીયા આપણે અહીંથી કયે દીવસે નીકળીશું.

પાંચમે દિવસે. કાંન્તાએ કહ્યું.

વારૂ ત્યારે હવે હું જાઉંછું. કીશોરીલાલે ખુરશી ઉપરથી ઉઠતાં કહ્યું.

વહાલા ખુશીથી જાઓ. કાન્તાએ કહ્યું,

પ્રીય વાંચક ! હવે તું અહીંથી બહાર ચાલ. અને લોભીચંદ ત્યાં બારણા આગળ ઉભો ઉભો શું કરે છે તે જોઇએ.

અરરરરર, ઉભી ઉભીને પગતો થાંભલા થઇ ગયાં પણ હજુ આરો આવ્યો નહિ. લોભીચંદ કંટાળી જતાં બોલ્યો.

ત્યાં અંદરથી બારણાનો ખખડાટ થયો એટલે લોભીચંદ જરા શાન્તી પામતાં બોલ્યો. હાશ ધરમ દ્વાર ઊઘડયાં તો ખરાં, જેવાં બાર ઊઘડયાં કે કીશોરીલાલ અંદરથી બહાર નીકળ્યો તેની સામુ લોભીચંદે જોઇને પુછયું કે ભાઈ કોણ છો ? આ પ્રશ્નનો ઉત્તર તેણે વાળ્યો નહિ. પણ તેને બદલે કાન્તા વચમાં બોલી ઊઠી. તમારે શૂં કામ છે. આટલી વારમાં કીશોરીલાલ ઘર છોડી ચાલ્યો ગયો એટલે લોભીચંદે કાન્તાને પુંછયું. કે કોણ આ તારો યાર આવ્યો—(જ્યાં આટલું બોલે છે ત્યાં તો કાન્તાએ સડાટ ! એક નેતરની સોટી વાંસામાં મારી. ત્યાં) ઓ બાપરે ? ? ? આવી રાડ પાડી વાંસો ચચળવા માંડયો. અને બડબડવા લાગ્યો કે આ તો "ખુબસૂરત બલા" ના ખેલ જેવું થયું. તેમાં બીચારો એક મીયાં મેડમ પરણીને લાવે છે. તે મેડમ તેની પાસે બુટ સાફ કરાવે છે. પણ આ તો તેના કરતાં પણ વધે, તે બીચારો બુટ સાફ કરતી વખતે ઘણો શરમાય છે અને સઘળા જોવા આવેલાને કહે છે કે, "કયું આપકે ઘરૂંબી અયસા હોયગા ?" તો આ અમારે ઘેરે તેવું નહિ પણ તેના કરતાંએ સરસ છે. અને કહે છે કે " ઓબી આજ

કાલકી ફેશન હય. " તેમજ આપણુ ચાલુ જમાનાનો ધારો છે.

હવે બડબડાટ શું કરવા માંડયો છે! કાન્તાએ ડોળા કાઢીને કહ્યું.

તારે આવું કરવું ઘટે નહિ. લોભીચંદે નમ્રતાથી કહ્યું. સ્ત્રીઓનો ખરો ધર્મ શું છે તે તું જાણે છે ?

હા મને ખબર છે કે આખો દહાડો મોજશોખ કરવી. અને સાંજે ચોપાટી ઉપર ફરવા જવું. કાન્તાએ કહ્યું.

અરે નહિરે નહિ. સ્ત્રીઓનો ખરો ધર્મ એ છે કે પતીની સેવા કરવી. કારણ કે પુરૂષ ઉત્તમ છે. લોભીચંદે સમજાવતાં કહ્યું.

પુરૂષ શાનો ઉત્તમ છે. જુઓ " ભક્તરાજ અંબરીષના " ખેલમાં સ્ત્રીઓનું મંડળ એકઠું થાય છે. ત્યારે તેઓનો એક મત શું પસાર થાય છે? સ્ત્રીઓજ શ્રેષ્ટ છે કે નહિ, કારણ કે સ્ત્રીઓ ન હોય તો પ્રાણી પેદા કેમ થાય, કાન્તાએ અભીમાન ધરાવતાં કહ્યું.

ચાલો હવે તમારી માથાકુટને તો જાણે પહોંચાશેજ નહિ લોભીચંદે કંટાળી જતાં કહ્યું (ઘડીઆળ

સામું જોઈને) આ ઘડીઆળમાં બારતો વાગ્યા.

ત્યાર પછી બન્ને જણુ સુઈ રહ્યાં-

આવી રીતે હમેશાં વારે ઘડીએ તકરાર થતી હતી. તેથી બાપડો લોભીચંદ તો બળી બળીને ખાખ થઈ જતો હતો. એક તો પૈસાનું પાણી, બીજું ફેસનનું, અંબને ત્રીજું પોતે હિશાબમાંએ નહિ. આ ત્રણ કારણોએ તો તેને ચાર દિવસમાં સાવ સુકવી નાંખ્યો. પાંચમે દિવસે વળી બળતામાં વધારે ઘી હોમાયું. સવારના પહોરમાં આઠ વાગે કાન્તા લોભીચંદને કહેવા લાગી કે, મારે હવે પેલી મોટર, અને સાચા મોતીનો હાર લાવવો છે, માટે મને બે લાખ પંદર હજાર રૂપીઆ આપો.

રૂપીઆ ! રૂપીઆ ક્યાંથી કાઢું ? લોભીચંદે આશ્ચર્ય પામતાં કહ્યું હવે તો બીલકુલ કાંઇ રહ્યુંએ નથી. ફકત શીલકમાં રૂપીઆ વીશ હજાર રહ્યા છે. ત્યારે મારે તો જોશેને જોશેજ. કાન્તાએ હઠ પકડી.

ન હોય તો ક્યાં લેવા જાઉં ? લોભીચંદે કહ્યું તારે તો એમ છે કે "મફતકે ચંદન ઘસએ લાલીઆ" તારે ક્યાં કમાવા જવું પડે છે, તારે તો બેઠા બેઠા ખાવું ને લ્હેર કરવી. અને હું તો જોઇએ તેમ કરતો

હોઉં. રુપીઆ તો માથાથી કે પગ સૂધી જ્યારે પરસેવો ઉતરે છે ત્યારે પેદા થાય છે.

જોઇએ તેમ કરો જોઈએ તો ભીખ માગીને લાવો ને જોઇએ તો ચોરી કરીને લાવો. પણ મારે તો રૂપીઆ જોશેને જોશેજ. કાન્તાએ વધારે હઠ પકડી.

ચોરી કે ભીખ તો મ્હારાથી નહિ થાય. પણ કહેતી હોતો તને બજારમાં વેચીને રુપીઆ લાવી આપું. લોભીચંદે હસ્તાં હસ્તાં કહ્યું.

હેં! એ મને શું કહ્યું! બસ હવે મ્હારે રહેવું જ નથી. કાન્તાએ એકદમ ક્રોધે ભરાઈ જતાં કહ્યું તમે તમારે જોઈએ તેમ કરો. હું તો મ્હારે આ ચાલી.

આંટલું કહી કાન્તા ચાલવા માંડી પછવાડે લોભીચંદ શેઠ દોડતા દોડતા ગયા. અને મનાવા લાગ્યા પણ તે માનીજ નહિ. અંતે લોભીચંદ શેઠ નિરાશ થઈ પાછા આવ્યા. અને ઘરની અંદર જઇને એક પછડાટ ખાધી. પ્રીય વાંચક! આ વખતે તે બીચારા લોભીચંદને પૈસાની હાની, અને પોતાની સ્રી ચાલી જવાથી કેટલી અસર થઇ હશે! તે લખવાને મારી કલમ પણ હીમતવાન નથી. માટે તેનો વિચાર તમે તમારી મેળેજ કરી લેજો. અપૂર્ણ.

જરા ધ્યાન પૂર્વક વાંચો ! ! !

વિજયાવટી

નિઃસંદેહ "વિજયાવટી" એક અલભ્ય તથા અદ્‌ભુત ૮ છે. કેમકે એ "વિજયાવટી" કોઇપણ પ્રકારનો વિર્યનો વિકાર કરે છે, અને માત્ર થોડાજ દિવસમાં શરીરમાં અપૂર્વ શક્તિ લ બુઢ્ઢાને પણ જુવાન જેવા તાકાતવાળા બનાવે છે તો જુવાને માટે આ દવા અમૂલ્ય રત્ન રૂપ યા દૈવી અમૃત રૂપ હોય એના નવાઇ શી ? ગમે તેવો કમજોર માણસ હોય તોએ શું ? ફક્ત થોડાજ દિવસ વિજયાવટી ખાવાથી શરીરમાં શક્તિની વૃદ્ધિ થઇને લાલ ગુલાબી ચંમક ચમકી ઉઠશે; અને મન પ્રફુલ્લિત રહેશે. શરીરની દુર્બળતા માટે, ધાતુવિકાર માટે, પ્રમેહાદિને માટે, સાંધામાં થતા દુખાવાને માટે, ચક્કરને માટે, સંતાનને માટે, ભોજનમાં થતી અરૂચિને માટે, સ્હેજ મહેનત કરતામાં થતી હાંફને માટે અને શરીરની ઉષ્ણતાને માટે જો દવા ખાઇ ખાઇને કંટાળ્યા હો તો ખાત્રી પૂર્વક અમારી ખાસ ભલામણ છે કે એક વાર અમારી "વિજયાવટી" ખાઓ ! ખરે ખરૂં જ માનજો કે વિજયાવટી વિના તમે તમારો વિજય કદીપણ કરી શકશો નહિ. કિં. ૩૦ ગોળીની ડબ્બી એકનો રૂા. ૧।

શ્રી "વિજય" કાર્યાલય.
દેસાઇપોળ સુરત.